# 46

**ખેડૂતોને ડુંગળી અને કપાસના પોષણક્ષમ ભાવ**

*** 15/ 4/ 1332 : શ્રી અમિત ચાવડા** (આંકલાવ) **: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ડુંગળી અને કપાસના પોષણક્ષમ ભાવ મળતા નથી તે હકીકત સાચી છે,અને | (૧) ડુંગળી અને કપાસના ભાવ બજારમાં માંગ અને પુરવઠાની પરિસ્થિતિ પર આધારિત છે. |
| (૨) | જો હા, તો ખેડૂતોને ડુંગળીના પોષણક્ષમ ભાવ મળે તે માટે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પગલાં લીધા ? | (૨) રાજ્યમાં લાલ ડુંગળી ઉત્પાદન કરતા ખેડુતોને આર્થિક વળતર મળી રહે તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા રાજયના ડુંગળી ઉત્પાદન કરતા ખેડૂતોને ૫૦ કિલોગ્રામ એ રૂ. ૧૦૦/- ની સહાય તથા રાજયના ડુંગળી ઉત્પાદન કરતા ખેડૂત/વેપારીને વાહતુક સહાય જાહેર કરવામાં આવેલ છે. તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ડુંગળી ઉત્પાદન કરતા ખેડૂતોને રૂ. ૬૨૬૯.૫૦ લાખની તથા ડુંગળી ઉત્પાદન કરતા ખેડૂત/વેપારીને રૂ. ૪૭.૯૭ લાખની વાહતુક સહાય ચુકવામાં આવેલ છે. |